State Government Victoria
Department of Education and Early Childhood Development

Literacy tips to help your child
Years 3–6
Gujarati

# તમારાં બાળકને સાક્ષરતા કેળવવા માટેની મદદ રૂપ યુક્તિઓ

વર્ષો ૩-૬

## પ્રત્યેક બાળક, પ્રત્યેક તક










બાળકના વિકાસમાં પરિવારજનોનો પ્રથમ અને મુખ્ય પ્રભાવ હોય છે અને તે બાળકની કેળવણીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તમે ઘણી રીતે પારિવારીક દૈનિક પ્રવૃત્તિઓ અને રમત દ્વારા બાળકના બોલવા, સાંભળવા, વાંચવા અને લખવાના કૌશલ્યને વિક્સાવી શકો છો અને સહકાર આપી શકો છો.

આ પત્રિકા એવી ઘણી યુક્તિઓ દર્શાવે છે કે જે તમે અથવા પરિવારના બીજા સભ્યો, તમારાં બાળકની સાક્ષરતા કૌશલ્યોને વિકસાવવા માટે દૈનિક પ્રવૃત્તિઓ દરમ્યાન તેમની સાથે કરી શકે છે.

બાળકને એમની માતૃભાષામાં અને જો તમને આત્મવિશ્વાસ હોય તો અંગ્રેજીમાં, આવી પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ કરવું ખૂબ લાભદાયક થઈ શકે છે.

આ પત્રિકાનું ઇલેક્ટ્રોનિક વૃત્તાંત અંગ્રેજી અને ૨૩ વિવિધ ભાષાઓમાં લર્નીંગ વેબસાઇટ પર ફેમિલિઝ એઝ પાર્ટનર માંથી મળી શકે છે : **www.education.vic.gov.au/about/directions/familiesaspartners/schools/connecting.htm**

## હું મદદ ક્યાંથી મેળવી શકું ?

### તમારાં બાળકના શિક્ષક

તમારાં બાળકના સાક્ષરતા કૌશલ્યોને કેવી રીતે વિકસાવવા તેના વિષે તમારાં બાળકના શિક્ષક તમને માર્ગદર્શન આપી શકે છે. શિક્ષક સાથેની તમારી ચર્ચામાં તમે આવરી શકો એવા વિષયો :

- સાક્ષરતા કાર્યોમાં તમારાં બાળકે મેળવેલું સ્તર.
- તમારું બાળક સાક્ષરતાનું જે લક્ષ્ય સાધવા તરફ કાર્ય કરી રહ્યું છે તે, અને તેમાં તમે તમારાં બાળકને કઇ રીતે મદદરૂપ થઇ શકો છો.
- તમારાં બાળકને જે ક્ષેત્રોમાં તકલીફ પડતી હોય તેમાં તમે મદદ કરી શકો તેવી યોજનાઓ.

### ઓનલાઇન સાધનો

વિક્ટોરીયન સરકારની નવી *કનેક્ટ-પ્રાઇમરી* વેબસાઈટ પર, તમારા ઘરના કોમ્પ્યુટર, સ્થાનિક ગ્રંથાલયના કોમ્પ્યુટર અથવા તમારી શાળા દ્વારા સરળતાથી વિશાળ જ્ઞાનના સાધનો સાથે જોડાઇ શકો છો.

*કનેક્ટ-પ્રાઇમરી* વેબસાઇટની મુલાકાત : **http://www.education.vic.gov.au/primary** *પર લો.*

બાળકો દ્વારા ઉપયોગ માટે યોગ્યતા નક્કી કરવા *કનેક્ટ-પ્રાઇમરી* પર આવેલી સાઈટસ શિક્ષકો દ્વારા ચકાસવામાં આવી છે.

યાદરાખો, જો તમે કનેક્ટ-પ્રાઇમરી ની યાદીમાં સમાવિષ્ટ ન કરવામાં આવી હોય એવી વેબસાઈટની મુલાકાત લો કે જેને તમે ઓનલાઇન ન ઓળખતા હોવ તો, સલામતી ખાતર, તમારી અંગત માહિતી જેવી કે તમારું કે તમારા બાળકનું આખું નામ, શાળા, ફોન નંબર કે સરનામું ક્યારેય ન આપશો.

*અલ્ટ્રાનેટ* નવી ઓનલાઇન વ્યવસ્થા છે જે તમને તમારાં બાળકના શાળાકીય અભ્યાસની માહિતી આપે છે. આ રાજ્ય સ્તરે સલામત સાઇટ છે કે, જેનો વિદ્યાર્થીઓ, માતા-પિતાઓ અને શિક્ષકો ઇનટરનેટ દ્વારા સંપર્ક કરી શકે છે. *અલ્ટ્રાનેટ* વેબસાઇટની મુલાકાત : **www.education.vic.gov.au/about/directions/ultranet/benefits/parents.htm** *પર લો.*

# તમારા બાળકને વાંચવા, લખવા અને અવલોકન કરવામાં મદદ માટે

## ઘરમાં વાંચવા અને લખવાની તકો ઉભી કરો :

વાંચનાર અને લખનાર તરીકે દરરોજ બાળકો શાળા અને ઘરની બહારના વિશ્વનું નિરીક્ષણ કરે છે.

આથી મહત્ત્વનું છે કે તમે :



- તમારા બાળકના વાંચન અને લખાણમાં અને અલગ અલગ પ્રકારના લખાણોનું નિરીક્ષણમાં સાચો રસ દર્શાવો.
- એમને તમને વાંચતાં અને લખતાં જોવા દો અને તેમને જણાવો કે તમે શા માટે વાંચો અને લખો છો.
- તમારા બાળક સાથે તેની સમજશક્તિ વિષે વાતો કરો અને તેમને વાંચન અને લેખનના પ્રયત્નો માટે પ્રોત્સાહિત કરો.
- પરિવારનો ઇતિહાસ અને વાર્તાઓ વાતો દ્વારા આપલે કરો અને તમારા બાળકને પરિવારના વડિલ સદસ્યો સાથે વાત કરવા પ્રેરો.
- તમે સાથે જોયા હોય તેવા ચલચિત્ર અથવા ટેલીવિઝન પ્રોગ્રામની ચર્ચા કરો.
- તમારા બાળકને તેનું પોતાનું ગ્રંથાલય બનાવવા પ્રોત્સાહિત કરો.
- વિશ્વમાં ઘટતી ઘટનાઓની વાતો કરો અને બાળકને જેતે વાર્તા ની ભિન્ન બાજુઓ જોઇને તેમનું પોતાનું મંતવ્ય બાંધવા માટે પ્રોત્સાહિત કરો.

## તમારા બાળકને વાંચવા અને લખવા માટે ઘરમાં મદદ

ભણવાનો નિત્યક્રમ બનાવો અને લેખન માટે પ્રોત્સાહિત કરે તેવી વસ્તુઓ પૂરીપાડો.



- તેમના વિચારો અને સંવેદનાઓ લખવા નોંધપોથી
- કૉમ્પ્યુટર અને/અથવા નોંધપોથી
- માર્કરસ, પેન્સિલો, હાઇલાઇટરસ અને પેનો.
- શબ્દકોશ અને સમાનાર્થક શબ્દકોશ સંદર્ભ તરીકે. તે પુસ્તકના સ્વરૂપમાં અથવા ઓનલાઇન હોય શકે.
- ઓનલાઇન સંગ્રહ જેમકે ઓનલાઇન નકશાઓ, જ્ઞાનકોશો, હવામાનને લગતી સાઇટો.

### લખાણો વિષયક વિચારોની આપ લે કરો



તમારું બાળક લખાણ વાંચી લે પછી તેને તે લખાણ વિષે બોલવા માટે પ્રોત્સાહિત કરો.

આ રહ્યા કેટલાક સૂચનો જે કદાચ તમારા બાળક માટે રસપ્રદ હોય :

- તેમની વેબસાઇટ પરથી લેખક અને વર્ણનકાર વિષે વાંચી સંભળાવો.
- એક જ લેખકની બીજી વાર્તાઓ શોધીને વાંચો.
- લખાણને અનુસરીને કશુંક બનાવવાની કોશિષ કરો, ઉદાહરણ તરીકે, વાનગીઓ, પ્રતિકૃતિઓ બનાવવી, કાગળ વાળવા. ઓરિગામિનો પ્રયત્ન કરો (કાગળને વિચિત્ર રીતે વાળીને આલંકારિક આકૃતિઓ બનાવવાની જાપાની કળા). ઉદાહરણ અને સૂચનાઓ માટે **http://www.origami.com/index.html** પર જુઓ.
- વાર્તામાંના દ્રશ્યો અથવા પાત્રોનાં ચિત્રો દોરો અથવા રંગપૂરો. *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Draw* લિંક પર ક્લીક કરી તેને ઓનલાઇન દોરો.
- એક જ મુદ્દા પર એકથી વધુ અભિપ્રાય મેળવવા જુદા જુદા લેખ સાથે રહીને વાંચો. વ્યક્ત થયેલા જુદા જુદા અભિપ્રાયોની ચર્ચા કરો.
- પુસ્તક પરથી બનાવાયેલું ચલચિત્ર જુઓ અને તુલનાઓ કરો.
- *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Images* લિંક પર ક્લીક કરીને પાત્ર અથવા પૃષ્ટભૂમિકા માટે છબીઓ પસંદ કરો.

## તમારા બાળકને પ્રશ્નો પૂછો

પ્રશ્નો દ્વારા તમે તમારા બાળકને મદદ કરી શકો છો :

- તેમના વાંચન અને લેખનના આનંદમાં  સહભાગી બનો.
- જેતે પાત્રો અથવા પાત્રો વિષે વધારે સમજણ કેળવો.
- બીજાઓ પ્રત્યે સહાનુભૂતિની ભાવના વિકસાવો.
- વિશ્વ પ્રત્યેના તેમના મૂલ્યો, વલણ અને માન્યતાઓ વિક્સાવો.
- વિશ્વ પ્રત્યેના તેમનાં અનુભવ અને જ્ઞાન વધારો.
- તેમની કલ્પના શક્તિને ઉત્તેજન આપો.
- તેઓ જે વાંચતાં હોય તેના મહત્ત્વના મુદ્દાઓ ધ્યાનમાં લો.

તમારા બાળકને આ પ્રકારના પ્રશ્નો શાળામાં પુછાઇ શકે છે. આમાંના કેટલાક પ્રશ્નો તમે ઘરમાં પણ વાંચન વિષે વાતો કરતા હોવ ત્યારે આવરિ લઇ શકો છો.

- પાત્રોનાં નામ શું હતા ?
- પૃષ્ટભૂમિકા શું હતી ?
- ત્યાર પછી તે પાત્રએ શું કર્યું ?
- પાઠના આરંભ્રેઅંતે શું થયું ?
- તને શું લાગે છે તે પાત્ર કેવી લાગણી અનુભવતું હશે ?
- તું અંત કઇ રીતે બદલીશ ?
- પાત્ર અથવા પૃષ્ટભૂમિકામાં બદલાવ તું કેવી રીતે વર્ણવીશ ?
- તને શું લાગે છે, વાર્તાનો મુખ્ય સંદેશ શું હતો ?
- આને તું બીજી કોઇ ઘટના કે મુદ્દા સાથે જોડી શકે ?
- શું તું લેખકના મંતવ્ય સાથે સંમત છું ?
- વાર્તામાંથી મળતા સંદેશ વિષે તારું શું મંતવ્ય છે ?
- બીજા લોકો એને બીજી કઇ રીતે જોઇ શકે ?

## અઘરા શબ્દો સરળ કરવા



તમારા બાળકને કોઈ પણ લાંબા અથવા અજાણ્યા શબ્દો વાંચવા અને લખવા સમય અને યોજના આપવા મહત્વના છે.

તમારું બાળક જ્યારે વાંચતું હોય ત્યારે તેને તે શબ્દ કહેતા પહેલા આ પ્રેરકો અજમાવી જુઓ :

- શબ્દના અર્થ માટે વાક્યમાં કોઇ કડી મળતી હોય તો જુઓ.
- શબ્દને ધ્યાનથી જુઓ. શું એ તું જાણતો હોય એવા કોઇ બીજા શબ્દ જેવો લાગે છે ?
- શું તું શબ્દને નાના-નાના ટુકડાઓમાં વહેંચી શકે છે ?
- શું આ શબ્દની આગળ અને પાછળના શબ્દો મદદરૂપ છે ?

તમારું બાળક જ્યારે લખતું હોય ત્યારે શબ્દની જોડણી કહેતા પહેલાં આ પુછી જોવા પ્રયત્ન કરો :

- શું તે સાચું લાગે છે ?

તમારા બાળકને મનમાં કશાક હેતુસર કંઇક વાંચવા, લખવા અથવા અવલોકન કરવા ઉત્સાહિત કરો. કેટલાક સૂચનો :

- *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Review* લિંક પર ક્લીક કરીને પુસ્તક અથવા ચલચિત્રની સમાલોચના વાંચો અને ત્યાર પછી તે પોતાની સમાલોચના પણ ઉમેરી શકે છે.
- પાકશાસ્ત્રની ચોપડી બનાવવા માટે વાનગીઓ બનાવવાની રીતો વાંચો, ભેગી કરો, તેની સાથે પ્રયોગો કરો અને લખો.
- *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Find* લિંક પર ક્લીક કરીને વિશ્વ વિષે માહિતી ભેગી કરો.
- સાથે મળીને તુરંત સંદેશના સાધન થકી મિત્રો અને પરિવારજનો સાથે સંપર્ક કરો.
- એક રોજનીશી રાખો કે જેમાં તમારું બાળક એની ભાવનાઓ, ઘટનાઓ વગેરે લખી શકે.



- શુભેચ્છાદર્શક પત્રો બનાવો અને લખો.
- તમે અને તમારું બાળક સાથે મળીને બનાવવા માંગતા હોય તેવી વાનગી માટેની જરૂરિયાતની વસ્તુઓની ખરીદી માટે યાદિ બનાવો.
- વેબ કેમેરા, અથવા ડીજીટલ કેમેરાના મૂવીના વિકલ્પ દ્વારા અથવા મોબાઇલ ફોનની મદદથી તમારું સમાલોચન કેદ કરી લો. બીજા બાળકો દ્વારા બનાવયેલા ચિત્રપટને *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Watch* લિંક પર ક્લીક કરીને નિહાળો.
- વાંચન અને પોતાનો ફાળો આપવા વીકીમાં જોડાવ.

## પારિવારીક યોજનાઓ

આખા પરિવારને વાંચન અને લેખનમાં સામેલ કરવાની તક લઇ લો. કેટલાક પારિવારીક યોજનાઓ :

- પરિવારના સદસ્યોને અથવા મિત્રોને ઇમેઇલ કરો.
- સોશિયલ નેટવર્કિંગ સાઇટના ઉપયોગથી પરિવારજનો અને મિત્રો સાથે સંપર્ક કરો.



- સાથે મળીને પુસ્તકની શ્રેણી વાંચો.
- સાથે મળીને કોઇ નવી વસ્તુ કઇ રીતે કામ કરે છે તે જાણવા માટે તેની સૂચનાઓ વાંચો.
- પારિવારીક ઘટનાઓ અથવા મુસાફરીના અનુભવો જર્નલ અથવા ઓનલાઇન બ્લોગમાં નોંધો.
- નાટકો લખવા અને તેને મિત્રો અને પરિવારજનો માટે ભજવવા.
- સાથે મળીને શબ્દવ્યૂહ રચના કોયડા, શબ્દ કોયડા, મગજ કસવાના કોયડાના ઉકેલ શોધો, શબ્દોની રમત અને પ્રશ્નો પુછવાની રમતો રમો.
- ગ્રંથાલયો અને પુસ્તકની દુકાનોમાં સાથે ફરો.
- *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Make a movie* લિંક પર ક્લીક કરીને સાથે મળીને ચલચિત્ર બનાવો.
- પ્રવાસમાં નકશાને અથવા માહિતી પત્રિકાને અનુસરો જેમાં જાહેર પરિવહન સેવાના સમયપત્રક અને જાહેર સ્થળો પરની માહિતી દર્શક સંજ્ઞાઓનો પણ સમાવેશ કરો.

## પ્રિમિયરસ રીડીંગ ચેલેન્જ

વિક્ટોરીયાના વિદ્યાર્થીઓ માટે પ્રિમિયરસ રીડીંગ ચેલેન્જ વાંચન સુધારવાનો ઉત્તમ રસ્તો છે. લક્ષ્ય સાધવા માટે વિદ્યાર્થીઓને ૧૫ અથવા વધુ પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેમાં પુસ્તકના નામોના સૂચનોનો પણ સમાવેશ કરવામાં આવે છે. પ્રિમિયરસ રીડીંગ ચેલેન્જ માટે **http://www.education.vic.gov.au/prc/default.htm** પર તપાસ કરો.